શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યાપીઠ સંસ્થાનનું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

વર્ષ-૮ • અંક-૯ • સપ્ટેમ્બર - ૨૦૧૬

પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

ધન્ય શરદ પૂનમની રજની રે, રસિક સલૂણો રાસ રમે...

SGVP GURUKUL

SHREE SWAMINARAYAN SANATAN TEMPLE

(Yoga, Education and Cultural Center)

Savannah, GA - USA

Shiv Pujan

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૮, સપ્ટેમ્બર : ૨૦૧૬, અંક : ૯

પ્રકાશક	: પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	: પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	: શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	: હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર	: જી. વિઝન
મુદ્રક	: સૂર્યા ઓફસેટ

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

વનમાં વાગે છે રૂડી વાંસળી જો...

વનમાં વાગે છે રૂડી વાંસળી જો,
વગાડે છે શામળિયો સુજાણ જો;
સુણતાં ભૂલી હું શુદ્ધ શરીરની જો,
પરવશ થયો મારો પ્રાણ જો. વ. ૧

અચાનક ઊઠી હું ઉતાવળી જો,
કરું મારી સૈયરુંને સાદ જો;
સુણો હો સાહેલી વાજે વાંસળી જો,
નટવર કરે નૌતમ નાદ જો. વ. ૨

શણગાર સજો સખી શોભતા જો,
ઓપિતાં પેરોને અલંકાર જો;
વાલોજી તેડાવે સખી વનમાં જો,
વિનતા મ કરો ઘણી વાર જો. વ. ૩

વેલાં વેલાં ચાલો વન વાટમાં જો,
કરશોમા કંથને કાંઈ જાણ જો;
રોકીને રાખશે ઘાલી ઘરમાં જો,
પિયુને વિયોગે જાયે પ્રાણ જો. વ. ૪

કારજ કરતાં ઘણું ઘરના જો,
વઈ ગયા વિત્યા કેતા દન જો;
આજ કાજ મેલોને ઉજડતા જો,
જઈ સઈ વરીયે જીવન જો. વ. ૫

અવસર આવ્યો લિયો ઓળખી જો,
વિનતા મ કરો ઘણી વાર જો;
નિષ્કુળાનંદનો સ્વામી રીઝવા જો,
શોભિતા સજોને શણગાર જો. વ. ૬

રાજકવિ દેદલભક્ત - મોરબી

- સાધુ ચરણવલ્લભદાસ

તે દિવસની વાત છે, કે જ્યારે હજુ સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રારંભિક સમય હતો. સમગ્ર ગુજરાત, કચ્છ, કાઠિયાવાડમાં આધ્યાત્મિક ક્ષેત્રે અરાજકતા ફેલાઈ ગયેલી. અંધશ્રદ્ધા, ભૂત-ભુવા અને ભારાડીની નાગચૂડમાં ગરીબ રૈયત ભીંસાયેલી હતી. માનવીનાં મનને શાતા વળે એવું કોઈ ઠામ-ઠેકાણું શોધવા નીકળો, તો પણ મળે નહીં. આવા ઘોર કળીના વાતાવરણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુઓને વિચરણ કરવું ભારે વહમું સાબિત થતું.

આવા સમયની એક વાત છે. મોરબીમાં રાજકવિ તરીકે સ્થપાયેલા મારૂ ચારણ જાતિના દેદલભક્ત રહેતા હતા. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સ્વામી સહજાનંદજીનો ભેખ પહેરી ધરમની ધજા લઈને પરિવ્રાજક બન્યા હતા અને ગામોગામ વિચરણ કરી રહ્યા હતા. એક દિવસ ફરતા ફરતા તેઓ મોરબીના રાજકવિ દેદલ મિસણને ત્યાં પધરામણીએ પધાર્યા.

રાજકવિ દેદલ ચારણ હતા અને બ્રહ્માનંદ સ્વામીનું ખોળિયું પણ ચારણનું હતું. ઉપરાંત દેદલજી સ્વામીની પ્રતિભાને જાણતા હતા. આવા મહાન સંતપુરુષની પધરામણી થવાથી દેદલજી પોતાનાં ધન્યભાગ્ય અનુભવવા લાગ્યા. હરખની હેલીએ ચડેલા દેદલ મિસણના ઘરે જાણે ઓચ્છવ આવ્યો!

શ્રીજી મહારાજે વહેતી કરેલી જ્ઞાનગંગાનું આકંઠ રસપાન કરીને ફરતા બ્રહ્માનંદ સ્વામીએ રાજકવિ દેદલને એમાંથી થોડું આચમન કરાવ્યું. 'તેજીને ટકોર બસ!' એ ન્યાયે રાજકવિ દેદલ બ્રહ્માનંદ સ્વામીના રંગે રંગાયા. ક્ષણના સત્સંગે ત્યાગ અને ભક્તિથી ભીંજાઈ ગયેલા દેદલને બ્રહ્માનંદ સ્વામીએ કંઠી બાંધી. રાજકવિ દેદલે બ્રહ્માનંદ સ્વામીને ગુરુ બનાવ્યા અને ભગવાન શ્રી સ્વામિનારાયણને ઈષ્ટના સ્થાને સ્થાપ્યા.

બ્રહ્માનંદ સ્વામીએ ગુરુ-દક્ષિણામાં રાજકવિ દેદલ પાસે અફીણ-કસૂંબા પીવા કે પાવા નહીં, એવા આકરા નીમ લેવડાવ્યા. હૈયાના બળુકા ચારણે જીભ કચરી કે જ્યાં સુધી આ દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી વચન પાળીશ. ટેકીલા દેવીપુત્રની ગરવાઈ ઉપર ઓળઘોળ થઈ બ્રહ્માનંદ સ્વામીએ મોરબી છોડી કચ્છ-ભૂજ તરફ પ્રયાણ કર્યું.

કસુંબાના આકરા નીમ

બીજા દિવસનો સૂર્યોદય થયો. રાજકવિ દેદલે વહેલા ઊઠી સ્નાન, પૂજા-પાઠ કર્યા. કપાળમાં વિશાળ તિલક-ચાંદલો અને કંઠમાં હિલોળા લેતી કંઠી ધારણ કરી. કચેરીનો સમય થતાં રાજકવિ દેદલ હમેશની માફક કચેરીમાં આવ્યા.

સૂર્ય ઊગે અને ઘુવડનો જીવ કારણ વગરનો બળે, એવી જ રીતે કચેરીમાં બેસતા દેવીના ઉપાસક એવા કેટલાક અસહિષ્ણુ લોકો દેદલ ભક્તના ભાલમાં તિલક-ચાંદલો અને કંઠમાં ઝૂલતી કંઠી જોઈ બળી ઊઠ્યા. તેઓ સામી છાતીએ તો કાંઈ કરી શક્તા નહોતા, કારણ કે મોરબીની ઠકરાત રવાજીરાજના કરડા તેજથી તપતી હતી અને દેદલજીનું રાજા ઘણું સારું માન રાખતા.

બપોર થતાં તો આખી કચેરીમાં વાત વેગે ચડી કે કવિરાજે કસુંબાના આકરા નીમ લીધા છે. બંધાણી ડાયરો દેદલજીની મશ્કરી કરતા બોલે છે, "એમ અફીણનાં કેફ થોડા ઊતરશે ? બે દી'માં તો ગઢવી ખરલ ખખડાવતાં આવી પુગ્યા સમજો ! આ તો હાલી નીકળેલા સાધુડાના મન રાખવા કવિરાજે ટીખળ કર્યું છે. માળા કવિરાજ પણ ખરા ટીખળી!"

દિવસો ઉપર દિવસો જવા લાગ્યા. દેદલજીની ભક્તિનો રંગ ચડતો જ જાય છે. જ્યારે પેલા ટીખળી લોકો આડકતરી રીતે દેદલજીને મુશ્કેલીમાં મૂકવાના એક પછી એક પ્રયાસો કર્યા કરતા રહે છે. દેદલ ભક્તને કોઈ વાત

છૂપી ન હતી, છતાં પોતે ધીરજથી એ બધું સહન કરી શાંત મને શ્રીહરિના રસમાં ડૂબતા જતા હતા. જો કે પોતે ધારે તો એ હલકી વૃત્તિના માણસોને પહોંચી વળે તેમ હતા; પણ પોતે ધીરજ ધારી સજ્જનતા જાળવી રાખી હતી.

આમને આમ અઠવાડિયું નીકળી ગયું. ભક્તિનો કેફ જેની આંખમાં અંજાઈ ગયેલો છે, એવા દેદલ ભક્તે અફીણની લતને બેરખે બાંધી દીધી.

વાત વધીને રવાજીરાજને કાને પડી. રોજના બંધાણી ડાયરાએ ઠાકોરને ભડકાવ્યા. કોઈ બોલ્યા, "શિવ-શક્તિના ઉપાસક એવા દેવીપુત્રે અફીણ હરામ કર્યું છે. ડાયરામાં પ્રાણ પૂરનાર કવિરાજ જો બગાસા ખાય, તો બધી મોજ મારી જાય." તો કોઈ વિઘ્નસંતોષીએ લાગ જોઈ યુક્તિ-પ્રયુક્તિથી રવાજી ઠાકોરને દેદલભક્તની કંઠી તોડી નંખાવા પ્રબલ પ્રેરણા કરી. પરંતુ ઠાકોર વિવેકી હતા. તેઓ રાજકવિની સજ્જનતા, રાજ્ય પરત્વેની નિષ્ઠા જાણતા હતા. માટે જ એમનાં મુખે આ નવા ધર્મને છોડી દેવાની વાત કરવાનું સાહસ થતું નહીં.

હવે તો માઝા મૂકી. ડાયરો ખેધે પડ્યો. રવાજીના કાને એવી એવી વાતો તરતી મૂકી કે રવાજી પ્રવાહમાં તણાઈ ગયા અને બોલી ઊઠ્યા, "અરે ! આવું તે હોય કાંઈ? રાખો હવે !" રવાજીએ ફરકતી દાઢી ઉપર હાથ નાખી ગરવું હસતાં કહ્યું.

"બાપુ આપને વિશ્વાસ ન હોય, તો આપના હાથથી જ કસુંબો પીવડાવીને ખાત્રી કરી લ્યો !" ખંધા પાસવાને લાગ જોઈને પોતાના પાસા ફેંક્યા.

બીજે દિવસે કચેરીમાં સૌને હાજર રહેવાનું ચોપદારને ફરમાન કરી રવાજી ભોજન માટે દરબારગઢ પધારી ગયા.

બીજા દિવસે નમતા પો'રે કચેરી હકડેઠઠ ભરી છે. મોરબીના કોઠાસૂઝવાળા ગૃહસ્થીઓનો જીવ કચવાય છે. 'અરે...રે ! દેદલદાન જેવો પવિત્ર માણસ આજે નાહકનો ભેખડે ભરાશે.' બીજી બાજુ કપટ જેની રગેરગે ઊતરી ગયું હતું એવા મેલાં મનના માણસો દેવીપુત્રની થનારી ફજેતી જોવા આતુર હતા.

ત્યાં જ મુખ્ય દ્વાર તરફથી આવતા કવિરાજ દેખાણા. પ્રૌઢ પુરુષ, એકવડિયો બાંધો, ઊંચો દેહ, કાળી દાઢી, આંટીવાળી પાઘડી, સુરવાલ અને કેડિયા ઉપર કસીને બાંધેલી ભેટ, રાજની એંધાણીવાળા પટ્ટે ઝૂલતી સોનાની મૂઠવાળી તલવાર, અમીરાતથી ઢળતી આંખો અને ચાલમાં ગાંભીર્ય; ભાલમાં તિલક-ચાંદલો અને હોઠે ફફડતું સ્વામિનારાયણનું નામ. ડાયરાની નજર એ ભવ્ય મૂર્તિ પર ખોડાઈ ગઈ. બધાની સામે કર જોડી રાજકવિએ આસન ગ્રહણ કર્યું.

રાજા રવાજી ત્રાંસી નજરે કવિને જોઈ રહ્યા છે. હમેશા માનભરી નજરે જોતા રવાજી આજે કવિરાજને શંકાભરી નજરે તાકી રહ્યા છે, કારણ કે આજે એમની આંખોમાં કોઈએ પાયેલું ઝેર ઊતરી આવ્યું છે. રાજકવિ આજે કેવળ પ્રણામ કરીને બેઠા એટલે એમને મનોમન ખાત્રી થઈ ગઈ કે કવિ ઉપર સાધુડા કામણ કરી ગયા છે. પરંતુ વાતડાહ્યો રાજવી કડવો ઘૂંટડો ઊતારી ગયો. આડીઅવળી વાતો કરી. "કસૂંબાને કેટલી વાર છે ?" પડકારો કર્યો.

ક્યારેય અધીરા ન થનાર રવાજીની આ અધીરતા મરમી ચારણ કળી ગયો. "હશે ! જે મારા નાથે ધારી હશે તે થશે !"

આખા ડાયરા ઉપર અફીણની સોડમ પ્રસરી ગઈ. આરસની ખરલો ઘૂંટાવા માંડી અને રેશમની ગળણીઓ ટપકી. કસૂંબાથી છલકાતી રુપાની બંગલી રવાજીરાજે લંબાવી.

"કવિરાજ ! મીઠો કરો !"

કુરુક્ષેત્રની અઢાર અક્ષૌહિણી સેનાની વચ્ચે ઊભેલા અર્જુનની દ્વિધા જેવી દેદલભક્તને દ્વિધા ઉદ્‌ભવી. હાથમાં અંજલી લઈને ગુરુ બ્રહ્માનંદજીને આપેલ વચનનાં વેણ કાને અથડાયા. "આ દેહમાં પ્રાણ હશે, ત્યાં સુધી વચન પાળીશ."

"ક્યાં ખોવાઈ ગયા કવિરાજ ?"

"હેં...હા...હા બાપુ." સ્વસ્થ થતા દેદલ ચારણે ખુમારી સંભાળી લીધી અને અડગતાથી ઉત્તર વાળ્યો, "બાપુ ! ખોવાઈ જવાય એવું જ છે. ગુરુમહારાજે પાયેલ અમલનો એવો તો કેફ ચઢ્યો છે કે જાતને પણ ભૂલી જવાય એવું છે. એની તોલે આ ઢેફલી અફીણનું પાણી ફીકું લાગે, ભા !"

આવનાર વિપત્તિની મનમાં તૈયારી કરીને ચારણે રવાજીરાજનો હાથ હડસેલી દીધો. રવાજીરાજને પગથી માથા સુધી ઝાટકો લાગી ગયો. ભલભલાને ભૂ પાનાર રાજવીને કસૂંબો કડવો ઝેર થઈ ગયો. પણ... એ કડવો ઘૂંટડો પણ રવાજીએ ઊતારી દીધો.

હવે રાજા વિચારે ચડ્યા. સામ, દામ, ભેદ ને દંડ કાર્યસિદ્ધિના આ ચાર ઉપાયમાંથી 'દામ કરે કામ' અને

ઠાકોરે દેદલ ભક્તને લલચાવ્યા, "દેદલ ! ચારણના ગળે આવા દોરા ન શોભે, સ્વામિનારાયણના તાંતણા તોડી નાંખો ! અત્યારે જ હું તમને એક ગામ અને દસ હજાર રોકડી કોરી આપું !"

ગુરુ બ્રહ્માનંદે ચખાવેલા સહજાનંદી રસના ચાખણહારને આવી લાલચ શેની લોભાવે ? 'માથું જાય, પણ ધર્મ ન જાય' એવી દૃઢ ટેકે ઠાકોરનું વચન હડસેલાઈ ગયું અને વિનમ્ર સ્વર નીકળ્યો, "ઠાકોર ! મારાં આચરણ પ્રથમથી સુધર્યા છે, સ્વામિનારાયણના મહાન સાધુઓના ઉપદેશથી રાજના કામકાજ નીતિથી થાય છે. સ્વામિનારાયણના સાધુઓએ તો મારા જેવો એક પ્રામાણિક માણસ રાજ્યને ભેટ કર્યો છે. મારી કાંઈ ભૂલ થતી હોય, કે મારા તરફથી કોઈ જાતની હાનિ પહોંચતી હોય તો આપ ખુશીથી કહી શકો છો; પણ જે બાબતમાં મારું અને તમારું પણ હિત સમાયેલું હોય, એવી ઉત્તમ વસ્તુનો ત્યાગ કઈ રીતે કરી શકાય ?"

પોતાનું ધાર્યું ન થાય ત્યારે ક્રોધનો ઉભરો આવે છે. ક્રોધે ભરાયેલા જીવને યોગ્યાયોગ્યનો વિચાર આવતો નથી, મન ઉપરનો કાબૂ છૂટી જાય છે. અહીં રવાજીરાજને પણ એવું જ થયું. એક, હાથ પાછો ઠેલાયો અને બીજું, આપેલી લાલચ પણ નિષ્ફળ નીવડી.

"કવિરાજ !" ક્યારેય ઉંચા સાદે ન બોલનાર રવાજીનો અવાજ તરડાઈ ગયો. સભાસદોના શ્વાસ અદ્ધર થઈ ગયા. "ગઢવી ! આપે આજે મને હડસેલ્યો છે. આપને મન મોરબી રાજની ઠકરાત હવે નાની ગણાય ! માટે નવા દિ' ઊગે એ પહેલા મોરબી છોડી દેજો."

રવાજીના આટલાં વચનો સાંભળી થોડામાં ઘણું સમજનાર ચારણ વીજળીના સડાકાની જેમ, સડક ઊભા થઈ ગયા. દેદલ મિસાણે કેડે ઝૂલતી સોનાની મૂઠવાળી તલવાર અને પટ્ટાને રવાજી સામે ધરી દીધા અને બોલ સરી પડ્યા, "ઠાકોર ! સતુ, ધર્મ અને લીધેલી ટેકના અમે ચારણ, જીવતર અમને વા'લા હોય. આજ લગી તેં અમને પાળ્યા છે. ઉપકાર ઠાકોર ! આવતીકાલનો સૂરજ ઊગશે તેવા તારા મોરબી પરગણાને છોડી જઈશ."

અબખાઈ ગયેલ ડાયરો મીણનાં પુતળાની જેમ બેઠો રહ્યો. કચેરીમાં સોપો પડી ગયો.

મદદ કરોને મહારાજ

રાજકવિ દેદલ મોરબીનું કવિપણું છોડી સડસડાટ પગથિયાં ઊતરી ગયા અને ઘરનાં પગથિયાં ચડી ગયા. બારણાં બંધ કરી સાંકળ ચઢાવી દીધી. પોતાને પ્રાણપ્રિય ગોપીનાથજીની મૂર્તિ સામે ચારણ ગાંસડીની જેમ ફસડાઈ પડ્યો. ગળે બાંધેલ ડૂમો છૂટી ગયો અને ધ્રૂસકે ધ્રૂસકે દેદલ ઠલવાઈ ગયો.

"મારા નાથ મને કે'તો ખરો, અમ રાંકનાં છોકરાં કાં રંજાડે ? મીરાંને ઝેર પાયાં, નરસિંહને-મૂળદાસને કૂડા આળ ચઢાવ્યા, તોય એ તસુભાર ખસ્યા'તા ? હુંય નહીં ખસુ હોં ! કર, પારખાં કર ! તને ઘણી વધાઈયું !!!"

ચારણ લવે ચડી ગયો. રાતનો બીજો પ્રહર શરૂ થયો. મૂંગી વેદનાને વંદનામાં પલટી દેદલકવિ ગોપીનાથને વિનવતા રહ્યા.

હિંમત જોઇ હરિજનની, હરિ રહે છે હાજરાહજૂર;
ભાંગે મને ભક્તિ કરે, તેથી શ્રી હરિ રહે છે દૂર.

નિષ્કુળાનંદ મુનિના કહ્યા પ્રમાણે મધ્યારાત્રિએ પોઢેલા ભક્તવત્સલ પ્રભુ પોતાના અનન્ય ભક્તનું દુઃખ તત્કાળ દૂર કરવા જાગૃત થયા.

માળિયા ઉપર તે'દી મોડજી દરબારની આણ. માળિયાના દરબારગઢમાં મીઠી નીંદર માણતા અજાતશત્રુ સમા મોડજીના અંતરાત્મામાં એક તેજલિસોટો થયો. શ્યામસુંદરની એક ધુંધળી પ્રતિમા ઉપસી. મુરલીના તાનથી દિવાલો ગુંજી ઊઠી અને દિશાઓ બોલવા લાગી, "મોડજી, જાગશ ! જાગ ! જા ! મોરબીના રાજકવિને સ્વમાન સહિત બોલાવી લે ! ઊઠ, ઊભો થા !"

અસામાન્ય લાગતો એ આદેશાત્મક અવાજ ઘૂમરાતો બંધ થયો. મોડજીનો ચહેરો અવાજથી ચમકી ઊઠ્યો. 'મેં કઈક જોયું ! કઈક અવાજ સાંભળ્યો ! ના...ના... આ તો ભ્રમ. પણ મરને મર ન કહેનાર દેવીપુત્રને રવાજી જાકરો આપે ? ના અસંભવ છે. તો પછી આ આદેશ !?'

અવઢવમાં પડેલા મોડજીએ અડધી રાતે દિવાનને બોલાવ્યા.

ઘડી બે ઘડીમાં દિવાન આવી ગયા. મોડજીએ સઘળી વાત કરી. ડાહ્યા દિવાને કહ્યું, "બાપુ ! આપે જોયેલ સ્વપ્ન ન માનવાનું કોઈ કારણ નથી. ઘોડેસવારો મોકલીને ખાત્રી કરી લઈએ. વાત જો સાચી હશે તો રાજ તરફથી આમંત્રણ પણ મોકલી દઈએ."

ખડિયો-કલમ લઈને માળિયાના દીવાને રાજકવિ દેદલ ઉપર માળિયાનાં રાજવી વતી આમંત્રણ લખી

નાંખ્યું. પત્ર લઈને ઘોડેસવારો ગાડા લઈને રાત વીંધતા મોરબીને મારગે પડ્યા.

આ બાજુ બહોળા કુટુંબવાળા કવિએ અચાનક ક્યાં જવું તે વિચારમાં આંસુઓ સારતા અરધી રાત્રિ વિતાવી દીધી. હૃદયમાં સહજાનંદનો વિશ્વાસ હતો અને ગુરુ બ્રહ્માનંદજીએ આપેલી હિંમત હતી, તેથી આવા ગંભીર સમયે પણ મન મૂર્તિમાં પરોવી શ્રીજીની પ્રાર્થના કરતા હતા. પ્રાર્થના કરતા કવિહૃદય ગાઈ ઊઠ્યું...

મદદ કરોને મહારાજ !

હણેં અસાંજી મદદ કરોને મહારાજ,

ગોપીનાથ ! મદદ કરો રે મહારાજ-ટેક.

કંઠી અસાંજી બાંધી તો કારણ,

રુઠો રવાજી રાજ ! ગોપીનાથ...

અધમઓધારણ પતીતપાવન,

બાંય ગ્રહેજી લાજ ! ગોપીનાથ...

પારસ પરસે લોહ રીયેતો,

લોહજી વેંદી લાજ ! ગોપીનાથ...

ત્રણ કડીઓ પૂરી થઈ. ત્યાં મોરબીની શેરીઓમાં ધૂળ ઉડાડતા ચાર અસવારો રાજકવિની ડેલીએ પહોંચી ગયા. ઘોડાઓની હણહણાટી સાંભળી દેદલદાનનાં દિલમાં ફાળ પડી, 'હમણાં મું રાંકના બચકા બંધાવશે.'

"કવિરાજનું ઘર આ કે?" આગંતુકે અવાજ કર્યો.

માનસભર અવાજ અપરિચિત લાગ્યો. ધડકતા હૃદયે ડેલી ખોલી, રાતભર રોઈને સૂઝી ગયેલી આંખો અસવારને ઓળખી ન શકી.

"દેવીપુત્ર ! અમો માળિયાથી આવીએ છીએ. રાજનું આમંત્રણ છે." પત્ર લંબાવતા અસવારે કહ્યું.

પત્ર વાંચતા વાંચતા દેદલદાન હરખનાં આંસુડે ભીંજાઈ ગયા અને ચોથી કડી મુખમાંથી ખરી પડી...

દેદલચે દુઃખ દૂર કર્યો તેં,

મોડ રીઝયો મહારાજ !

ગોપીનાથ...

"અરે, ગાડામાં ઘરવખરી ભરવા માંડો! મોડજીએ મને તેડવા અસવાર મોકલ્યા છે. અને ઝટ કરો, આપણે દી' ઊગે એ પહેલા મોરબી મૂકવાનું છે." હાંફળાફાંફળા રાજકવિ ઘરના માણસોને આદેશ આપવા માંડ્યા. સમી સાંજથી એક અગમ્ય ભયના ઓથારથી ઘેરાયેલ ખોરડામાં સંચાર થયો. ઘડી બે ઘડીમાં કુટુંબકબીલો ઘરવખરી ભરીને ગાડામાં ગોઠવાઈ ગયો. ઢોર-ઢાંખર આગળ કર્યા. મોરબીની ચપટી ધૂળ માથે ચડાવી. ગોપીનાથજીની મૂર્તિને ખોળામાં લઈ ચારણે ઘોડી પલાણી, માળિયાનો પંથ લીધો.

માળિયા પહોંચેલા દેવીપુત્રને મોડજીએ ઉષ્માભર્યો આવકાર આપ્યો. મોડજી બાપુએ વાર્ષિક ૫૦૦ રૂપિયા રોકડા, પાંચ કળશી અનાજ અને ઘોડા, ગાય વગેરે જાનવરો માટે જોઈએ તેટલું ઘાસ; એ પ્રમાણે વર્ષાસન તથા રહેવા માટે મકાન આપી રાજકવિ સ્થાપી, માળિયામાં પોતાની પાસે રાખ્યા.

કવિ ફરી કવિરાજ થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ પ્રતાપ નજરે નિહાળી, સાંભળીને માળિયા અને મોરબીના લોકોના મન આશ્ચર્ય પામ્યા હતા.

મોરબીમાં રાજકવિની ગાદી ખાલી પડી. ખાલી ગાદીએ દરબાર સૂનો કરી દીધો. સમય જતાં દેદલભક્તની ભગવાને કરેલી રક્ષા અને મોરબીના ધણીએ કરેલી ઉપાધિ ગવાવા-વગોવાવા લાગી. મોરબીના ધણીને પસ્તાવાના શેરડા ફૂટ્યા.

એક માસ પસાર થઈ ગયો. ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપે રવાજી ઠાકોરનું અજ્ઞાન દૂર થયું. માળિયાથી દેદલકવિને પાછા બોલાવ્યા. માનભેર સ્થાન પાછું આપ્યું. સારૂં ઈનામ આપી વર્ષાસન બમણું કરી આપ્યું.

આ હકીકતના દૂહા અન્ય કવિએ લખ્યા છે...

ગામ દામથી નહ ગણ્યો, દેદલ તોળો દલ;

કંઠી કારણ કોપિયો, રાજા વે રવમલ.

હરિ કારણ હદપાર હુવો, કંઠી તોડન કજ્જ;

સુપને સહજાનંદ કહે, ભૂપ ગ્રહી લે ભજ્જ.

પ્રભાતે કવિ પ્રેમથી, દેદલ ભક્ત દહીવાણ;

સુમર્યો સહજાનંદ શરણ, ભૂપ મોડ કુલભાણ

સહજાનંદની સાનથી, રીઝ્યો ફિર રવમાલ,

દેદલ ભક્તને દાન દઈ, પાસ રખ્યો પ્રતિપાલ.

સહજાનંદ ઈષ્ટ પ્રત્યે નિષ્ઠાવાન ભક્ત ચારણપુત્ર દેદલની દૃઢતાએ પોતાની જાતને જીતી લીધી. સાથે સાથે માળિયા નરેશને શ્રીજીની પ્રતીતિ થઈ અને મોરબીના રવાજી દરબારને સાચા સજ્જન ભક્તની ઓળખાણ થઈ.

વિવેક દ્રષ્ટિ

- સાધુ નારાયણચરણદાસ

આ સંસારમાં જીવાત્માને જો કોઈ દુર્લભમાં દુર્લભ પ્રાપ્તિ હોય તો તે મનુષ્યનો દેહ છે. આ ક્ષણભંગુર કાયા દેવતાઓને પણ દુર્લભ છે. માનવ શરીરની કિંમત શબ્દોમાં આંકવી કદાચ અઘરી છે. આ પૃથ્વી ઉપર માનવદેહ મળ્યા પછી એથી પણ અધિક કોઈ દુર્લભ ચીજ હોય, તો તે સંતનો સંગ મળવો તે છે.

એક વખત ભગવાન ભોળાનાથ અને મા ભવાની કૈલાસથી વિહાર કરવા માટે નીકળેલાં. રસ્તામાં વાતો કરતાં કરતાં ચાલ્યાં જાય છે. બરોબર મધ્યાહ્ન થવાનો સમય છે. એવે વખતે માતાજીનાં શરીરમાં થોડો થાક અનુભવાય છે. ત્યારે તે વખતે સામે એક ઘટાદાર વૃક્ષ જોયું, એટલે શિવજી અચાનક જ ત્યાં વૃક્ષ પાસે જઈ, તે વૃક્ષને દંડવત પ્રણામ કરવા લાગ્યા. સતીને જોતાં જ આશ્ચર્ય થયું અને પ્રશ્ન થયો કે ભોળાનાથે અહીં કેમ દંડવત કર્યા હશે ? માતાજીથી ન રહેવાયું અને પ્રભુને પૂછ્યું કે, "આપે અહીં કેમ દંડવત પ્રણામ કર્યા ?"

ત્યારે ભગવાન કહે, "સતી ! સાંભળો, આ સ્થળ ઉપર પૂર્વે નારદજીએ તપશ્ચર્યા કરેલી છે, તેમજ ધ્યાન-ભજન કરેલું છે. માટે આ ભૂમિ તીર્થરૂપ છે. દેવી તમે પણ વંદન કરો."

કહેવાનું કે સંતચરણથી પાવન થયેલી ભૂમિનો પણ ખૂબ મહિમા છે, તો પ્રત્યક્ષ સંતના સંગનો મહિમા અપાર અપાર છે. ત્યારે આ જીવાત્માને મનુષ્યનો દેહ મળ્યાં પછી કોઈ દુર્લભ સાધન હોય તો તે સંતનો સંગ મળવો અતિ દુર્લભ પ્રાપ્તિ છે. સંત છે તે પ્રભુનું હૃદય છે. ભગવાનને રહેવાનું જો કોઈ ઠેકાણું હોય, તો તે સંત છે.

પૂર્વજન્મનાં સુકૃત કર્મોને આધિન કદાચ સંતનો સંગ પણ પ્રાપ્ત થઈ જાય, પરંતુ એથી પણ જો કોઈ ચીજ મળવી દુર્લભ હોય તો તે હરિકથા છે. હરિકથા આ બ્રહ્માંડની અંદરની સૌથી દુર્લભ ભેટ છે. માટે હરિકથાનો મહિમા ગાતાં નિષ્કુળાનંદ સ્વામી લખે છે,

હળવે પુણ્યે હોય નહીં, વળી હરિકથાનો યોગ,
મોટે ભાગ્યે એ મળે, વળી ટળે મહાભવ રોગ.

અનંત જન્મનાં પુણ્યપ્રતાપથી મનુષ્યને હરિકથાનો યોગ પ્રાપ્ત થાય છે. હરિકથા જીવાત્માના અંતઃકરણમાં રહેલાં અજ્ઞાનનો નાશ કરે છે. હરિકથા જીવાત્માને પોતાનાં સ્વરૂપનું ભાન કરાવે છે. જ્યારે જીવ હરિકથા શ્રવણ કરે છે, ત્યારે તે જ ઘડીએ જીવાત્મા માટે હરિનાં ઘરનું દ્વાર ઉઘાડું થાય છે. પૂર્વે પુરાણોમાં અનેક ભક્તોની કથાઓ લખાઈ છે.

હનુમાનજી મહારાજથી આજે આ ભારતભૂમિમાં કોઈ અપરિચિત નહીં હોય. હનુમાનજી મહારાજે આ પૃથ્વી ઉપર પોતાનું ભજન થાય, કે પોતાનાં મંદિર બનાવાય, કે ભક્તો થાળ, મેવા, મીઠાઈ ધરાવે તે માટે ભગવાન પાસે ચિરંજીવીપદ માગેલું નથી; પરંતુ પોતાનાં ઈષ્ટદેવ શ્રીરામ પ્રભુનાં ચરિત્ર તેમજ ગુણગાન ગાથાનું શ્રવણ કરવા માટે ચિરંજીવીપદ માંગેલું છે. 'આ સંસારમાં જ્યાં રામકથા થાય, ત્યાં હું સદા વાસ કરું.' આમ હનુમાનજી મહારાજને હરિકથાથી ક્યારેય તૃપ્તિ થતી નથી.

પૃથુ રાજાની તપશ્ચર્યાથી પ્રભુ પ્રસન્ન થયા અને વર માંગવાં કહ્યું, ત્યારે પૃથુએ વરદાનમાં પ્રભુ પાસે દસ હજાર કાન માંગ્યાં છે, કારણકે બે કાનની મર્યાદા છે; ત્યારે પ્રભુની કથાશ્રવણમાં ક્યારેય તૃપ્તિ ન થાય અને થાક ન લાગે. માટે હરિકથાથી જ મુક્તિનું દ્વાર ઉઘાડું થાય છે.

હરિકથા, શાસ્ત્ર તેમજ સંતનાં સંગથી મનુષ્યનાં જીવનમાં વિવેકનું પ્રાગટ્ય થાય છે. વિવેક પ્રાપ્ત થતા જ મનુષ્યને જોવાની દૃષ્ટિ મળે છે. ત્યારે શ્રીજી મહારાજ પણ વચનામૃતોમાં કહે છે કે, "જે વિવેકી છે તે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભક્તને વિષે ગુણને દેખે છે." અને સત્સંગમાં વૃદ્ધિ પામવાનો પણ એ જ ઉપાય બતાવે છે કે "જેને ગુરુ દત્તાત્રેયની પેઠે ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય, તે દિવસે ને દિવસે સત્સંગમાં વધતો જાય છે." આમ

સત્સંગરૂપી રત્નાકરમાંથી જ વિવેકરૂપી મોતી પ્રાપ્ત થાય છે.

ગુરુ દત્તાત્રેય પાસે જોવાની દૃષ્ટિ હતી. આજે સમાજમાં પણ દરેક માણસની દૃષ્ટિમાં ભિન્નતાં જોવા મળે છે. માણસની દૃષ્ટિ કેવા પ્રકારની છે, એના આધારે એનું વ્યક્તિત્વ ઘડાતું જતું હોય છે. વિવિધ પ્રકારની દૃષ્ટિની વાત રામાયણ ગ્રંથના આધારે જોવાની કોશિશ કરીએ.

૧) વિવેકદૃષ્ટિ :- જે માણસમાં હાલતાં-ચાલતાં વિવેકનું દર્શન થતું હોય, તે માણસની દૃષ્ટિ પણ વિવેકી હોય છે. જે માણસમાં નખથી શિખા સુધી વિવેક હશે, એની દૃષ્ટિમાં પણ વિવેક હશે. સમાજમાં ઘણા પાસે જ્ઞાન, કળા કે આવડત હોય, પણ થોડો સમય સાથે વિતાવીએ તો ખબર પડે કે આનામાં વિવેક નથી. માટે આ બધું ટકાવી રાખવા પણ વિવેક જરૂરી છે. તો માણસમાં વિવેક કેવી રીતે આવે? તુલસીદાસજી રામચરિત માનસમાં જણાવે છે કે...

"બિનુ સત્સંગ બિબેક ન હોઈ, રામકથા બિનુ સુલભ ન હોઈ"

જ્યાં સુધી સત્સંગનું પ્રાગટ્ય નહીં થાય, ત્યાં સુધી વિવેકનો ઉદય થશે નહીં. સત્સંગ શબ્દ આવે એટલે મનુષ્યને તરત જ એમ થાય કે કથા સાંભળીએ એને જ સત્સંગ કહેવાય. પૂજાપાઠ કરવા, ધ્યાન કરવું, માળા ફેરવવી, ઉપાસના કરવી વગેરે શબ્દો સત્સંગ પૂરતા જ મર્યાદિત નથી. સત્સંગ એને પણ કહેવાય કે કોઈ ભૂખથી પીડાતો હોય ને આપણે તેને ભોજન કરાવીએ, કોઈ ગરીબને વસ્ત્ર આપીએ, કોઈ બાળકની શાળાની ફી ભરીએ, દવાખાનામાં જરુરિયાતમંદને દવા આપીએ એને પણ સત્સંગ કહેવાય. તો વ્યક્તિમાં સત્સંગ વધશે એટલે આપોઆપ વિવેક પ્રગટ થશે. જેનામાં વિવેક આવી જશે એની દૃષ્ટિ પણ વિવેકી બની જશે. આજે સમાજમાં વિવેકદૃષ્ટિની જરુર છે. જ્યાં વિવેકદૃષ્ટિ હશે ત્યાં પ્રેમમય વાતાવરણ જોવા મળશે.

૨) દિવ્યદૃષ્ટિ :- આ પ્રકારની દૃષ્ટિ ગીતામાં અર્જુનને પ્રાપ્ત થઈ છે. દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે વ્યક્તિએ ઈષ્ટનું સ્મરણ કરવું પડે છે. અર્જુને ભગવાનનું ખૂબ સ્મરણ કર્યું છે, માટે એને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે. દિવ્યદૃષ્ટિ સમાજમાં દિવ્ય જીવન જીવતાં શીખવે છે. જેનું દર્શન દિવ્ય હોય છે એનું જીવન પણ દિવ્ય હોય, માટે જીવનમાં દિવ્યદૃષ્ટિ ખૂબ જરુરી છે.

૩) વિકારીદૃષ્ટિ :- આપણી સામે કોઈ વ્યક્તિ આવે એટલે જોતાં જ ખબર પડી જાય, કે વ્યક્તિની આંખ બરાબર નથી. આ દૃષ્ટિને વિકારીદૃષ્ટિ માનવામાં આવે છે. વ્યક્તિ ચહેરા ઉપરનો મેલ ધોવાને બદલે અરીસો ધોયા કરે છે. વિકારીદૃષ્ટિવાળો વ્યક્તિ પોતાની વાતને જ સાચી માનીને ચાલે છે. બીજાની વાતને સાંભળવા તથા સ્વીકારવા માટે તૈયાર હોતો નથી. જ્યાં નજર કરે, ત્યાં વિકાર જ દેખાય. આવી દૃષ્ટિને વિકારીદૃષ્ટિ માનવામાં આવે છે.

૪) અલ્પદૃષ્ટિ :- અલ્પદૃષ્ટિ એટલે ટૂંકું જોવું તે. પોતે કોઈ કાર્ય કરે નહીં અને બીજાને કરવા પણ ન દે, એને અલ્પદૃષ્ટિ કહેવાય છે. વ્યક્તિ કોઈ ધાર્મિક કાર્યમાં પૈસા વાપરવા તૈયાર થાય, એવા સમયમાં આવીને કોઈ રોકીને કહે કે 'તું આ કાર્યમાં જોડાઈશ નહીં.' તેને અલ્પદૃષ્ટિ કહેવાય. અલ્પદૃષ્ટિવાળી વ્યક્તિની વાતમાં તર્ક આવે છે. જેનાથી તે જીવનમાં આનંદ પ્રાપ્ત કરી શકતો નથી, અંતે તે દુઃખ તરફ ધકેલાય છે. માટે અલ્પદૃષ્ટિનો ત્યાગ એ જ સુખનો ઉપાય છે.

૫) કુદૃષ્ટિ :- કુદૃષ્ટિ એક ખરાબ પ્રકારની દૃષ્ટિ છે. ગમે ત્યાં નજર કરે, કાળાશ જ દેખાય. માણસ શાસ્ત્રની સારી વાતને પણ ખોટી સાબિત કરવાનો પ્રયત્ન કરતો હોય છે. કુદૃષ્ટિ માણસને અધોગતિ તરફ લઈ જાય છે, માટે તેનો ત્યાગ આવશ્યક છે.

૬) શુભદૃષ્ટિ :- આંખમાં જ શુભનાં દર્શન થાય છે, એવી દૃષ્ટિને શુભદૃષ્ટિ કહે છે. સમસ્ત વિશ્વ માટે શુભ વિચારી, ચિંતન અને મનન કરીને પછી જ વિવેકપૂર્ણ કાર્ય કરે. શુભ કાર્યનાં મૂળમાં પણ શુભદૃષ્ટિ રહેલી છે. વ્યક્તિ બીજાની ભૂલ દેખાય છતાં પોતાની શુભદૃષ્ટિથી વિચારીને ભૂલને સુધારી લે છે.

૭) વિશાળદૃષ્ટિ :- વસુધૈવ કુટુમ્બકમ્, સમસ્ત વિશ્વ પરિવાર છે. જીવનમાં સ્વાર્થરહિત કાર્ય, કુભાવ પ્રગટ ન થાય, જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે અહિંસા, અહં રહિત કાર્ય, તેમજ વાણી અને વર્તન બન્નેમાં એકસમાનતા દેખાય; વિશાળદૃષ્ટિ રાખીને બધાં જ કાર્ય કરે, આવી દૃષ્ટિને વિશાળદૃષ્ટિ કહે છે. કાર્ય વિશાળ ન હોય તો ચાલશે, પરંતુ દૃષ્ટિ તો વિશાળ જોઈએ જ. જે માણસ વિશાળ દૃષ્ટિ રાખીને ચાલે છે, એવા માણસની કિર્તી સ્વયં વિશાળતા પ્રાપ્ત કરે છે.

૮) સમદૃષ્ટિ :- જીવનમાં સુખ પ્રાપ્ત થાય કે દુઃખ, બન્નેમાં સમતા રાખી સહી લઈને જીવવું એને સમદૃષ્ટિ કહેવાય. સત્ય પોતાનાં માટે હોવું જોઈએ, જ્યારે પ્રેમ પરસ્પર માટે

- અનુસંધાન પેજ નં ૧૨ ઉપર

સત્સંગને ઓટલેથી...

- જતીન અમીન

"મંદિરના ચોકમાં સત્સંગની ઓટલી,
ઊંચી અટુલી અમે બાંધી જી રે "

ગુરુકુલના પ્રાંગણમાં બે સત્સંગી મિત્રો ભેગા થયા અને સત્સંગના મહિમાની વાતો કરવા લાગ્યા. ત્યારે એક મિત્રે બીજા મિત્રને તેના જીવનનો સત્ય પ્રસંગ કહ્યો.

"હું અધિક માસમાં કાલુપુર શ્રી નરનારાયણદેવના મંદિરે દર્શન કરવા ગયેલ. અધિક માસ હોવાથી ભગવાનની આગળ વિવિધ ઉત્સવો ઉજવાય. હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, શાકોત્સવ વગેરે. હું જે દિવસે દર્શને ગયો હતો તે દિવસે શાકોત્સવ લીલા હતી. રંગમહોલમાં ઘનશ્યામ મહારાજ જાણે રીંગણાનું શાક બનાવતા હોય તેવું દૃશ્ય ખડુ થયેલું. ચૂલા ઉપર તપેલું મૂકેલું અને તેમાં ઘનશ્યામ મહારાજના હાથમાં મોટો તાવેથો આપેલો, જાણે શ્રીજી શાક ન બનાવતા હોય!

આ ભગતે ભાવથી દર્શન કર્યાં અને લોયામાં શાકોત્સવની લીલા સંભારી, 'કે પ્રભુ લોયામાં આમ જ શાક બનાવતા હશે!' ત્યાં તો ભગતનો ભાવ જોઈ શ્રીજીએ ભગતને દર્શન આપ્યા અને તેમના હાથથી શાકનો તાવેથો હલાવવા લાગ્યા. આ ભગતને થયું, હું આ શું જોઈ રહ્યો છું! આ સાચું છે કે શું? ત્યાં તો ફરી શ્રીજી શાકનો તાવેથો હલાવવા લાગ્યા.

ભગત તો ભાવવિભોર થઈ ગયા. સાવ સામાન્ય લાગતા હરિભક્તો પર પણ શ્રીજી મહારાજ કેવા રાજી થાય છે! માટે સત્સંગમાં જે કોઈ હરિભક્ત-સંત હોય, ભલે તે ઉંમરમાં કે સમજણમાં નાના લાગતા હોય, પણ તેને ક્યારેય નાના ન સમજવા.

આપણાથી તમામ હરિભક્તો-સંતો મોટા છે અને હું સર્વથી ન્યૂન છું તેવો ભાવ રાખવો. આવો ભાવ રાખીએ તો બધા સંતો-ભક્તો આપણા પર રાજી થાય અને સંતો-ભક્તો રાજી થાય એટલે શ્રીજી રાજી થાય.

ભગવાનની મૂર્તિમાં ભગવાન અખંડ રહેલા છે. તેને ક્યારેય કાષ્ઠ, પાષાણ કે ચિત્રની પ્રતિમા ન સમજવી. વર્ષો પહેલા આ જ રંગમહોલના ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા લુણાવાડાના એકાંતિક હરિભક્ત કાશીરામભાઈ આવેલ. તેમણે ઘનશ્યામ મહારાજનાં સન્મુખનાં દર્શન કર્યાં, ત્યારે તેમને એવો ભાવ થયો કે મહારાજનો વાંસો કેવો હશે? ત્યારે ઘનશ્યામ મહારાજની મૂર્તિ ઊંધી ફરી ગઈ અને વાંસાનાં દર્શન આ ભગતને કરાવ્યા.

આ જ ભક્ત શિયાળાના સમયમાં એક દિવસ દર્શને આવેલ. ત્યારે ઘનશ્યામ પ્રભુએ કાશીરામભાઈને કહ્યું, "મને ઠંડી બહુ લાગે છે. મારી શાલ જર્જરિત થઈ ગયેલ છે. મારા માટે નવી ગરમ શાલ લઈને આવો."

કાશીરામભાઈ બજારમાંથી ગરમ શાલ લઈને તરત આવ્યા અને ઘનશ્યામ પ્રભુને શાલ અર્પણ કરી. તે જ સમયે ઉમરેઠના ભક્તરાજ નાથજીભાઈ શુક્લ પણ ગરમ શાલ લઈને આવ્યા. બન્ને ભક્તો એકબીજાને મળ્યા. ત્યારે નાથજીભાઈએ કાશીરામભાઈને કહ્યું, "હમણા હું દર્શને આવ્યો, ત્યારે મને મહારાજે નવી ગરમ શાલ લાવવાનું કહ્યું." કાશીરામભાઈએ પણ કહ્યું, "મને પણ નવી ગરમ શાલ લાવવાનું કહ્યું." બંન્ને ભક્તોએ પોતાનો પ્રસંગ એકબીજાને કહ્યો અને રાજી થયા.

ભગવાન એકાંતિક ભક્તોને તો દર્શન આપે જ છે, પણ સાવ સામાન્ય લાગતા પણ નિશ્ચયથી ભરપૂર એવા ભક્તો ઉપર પણ રાજી થઈ આજેય દર્શન આપે છે. માટે ભગવાનનો દૃઢ નિશ્ચય કરી, આપણને મળેલી મૂર્તિમાં શ્રીહરિનો અખંડ વાસ છે, તેમ સમજી ભજન કરવું અને સર્વના દાસ થઈને રહેવું.

યુવાનોને.....!!

- હીતેન્દ્ર કાલરિયા

જીવનનો શણગાર યુવાની, જ્યોતિનો ચમત્કાર યુવાની,
જ્વાળાનો અણસાર યુવાની, સંયમે ઘડાઈ રહે તો...!
શક્તિનો ભંડાર યુવાની, અણમોલો ઉપહાર યુવાની,
સમજણથી સ્વીકાર કરો તો....!

યુવાની એ વીજળીનો ઝળહળતો તણખો છે. એ તેજનો લીસોટો છે. યોગ્યતા પ્રાપ્ત કરી ઝળકે, તો અજવાળું... નહિતર ભડકો...!!

આજે વિશ્વભરમાં જો કોઈ સૌથી વધારે young country હોય તો એ આપણો 'ભારત દેશ' છે. ઉજ્જવલ ભારતનું ભાવિ એ ચારિત્ર્યશીલ યુવાનો પર અવલંબે છે. જેમ નદીના ધસમસતા પ્રવાહો પર બંધ બાંધવામાં આવે, તો તે નદી દ્વારા અનેક ગામોને સુજલામ્ - સુફલામ્ કરી સુસમૃદ્ધ બનાવી શકાય. તેમજ એ નદી પર બંધો ન બાંધવામાં આવે તો તેના વિફરેલાં વારિ હજારો ગામોને ધ્વંશ કરી શકે છે. તેવી રીતે જ યૌવનના પ્રચંડ પ્રવાહો પર જો સંયમરુપી બંધ બાંધવામાં ન આવે, તો એ સમાજરુપી સુચારુ નંદનવનને અસ્ત-વ્યસ્ત કરી ખાંડવવનમાં પલટાવી શકે છે.

"યૌવન એ સંયમના શણગાર અને વિવેકરુપી વૈભવથી શોભે છે."

અરે યુવાનો !!! આપણે આર્યયુવાનો છીએ... અને હમેશા યાદ રાખજો, કે આર્યયુવાન ક્યારેય હતાશ હોતો નથી. અરે..! યુવાની પોતે જ નશો છે, તેમાં વ્યસન તો હોઈ જ ના શકે. યુવાન ખાનદાનીથી છલકાતો હોય છે. તેનામાં કર્તવ્ય માટે મૃત્યુને વરવાની પણ તત્પરતા હોય છે. તેને નૈતિક મૂલ્યો પ્રત્યે આદર હોય છે. ધ્યેય તરફ હમેશા આગેકૂચ કરતો રહે છે. ચારિત્ર્ય એ જ તેમનો સાચો શણગાર હોય છે. ઉત્સાહ, આનંદ એવં ખમીરતા અને ખુમારી તેમાં સહજ હોય છે. રાષ્ટ્ર પ્રત્યે મૂલ્યવાન, પ્રભુ પ્રત્યે શ્રદ્ધાવાન અને પ્રતિકૂળતાનો હિંમતથી સામનો કરનાર યુવાન પોતાની યુવાનીને સાર્થક બનાવે છે.

આંધી આવે તોફાન આવે હિમાલય ના હલતો ભાઈ,
યુવાન હિમાલય સમ ઊભો વિઘ્નોને ના નમતો કાંઈ,
આંખ ઉઠાવે અસ્મિતાથી આકાશ પણ ત્યાં ઝૂકી જાઈ !

આવી હોય છે સાર્થક યુવાની....

જે દેશના યુવાનો શક્તિસંપન્ન, શિસ્તબદ્ધ અને ચારિત્ર્યશીલ હોય, તે રાષ્ટ્રને કોઈ ડરાવી કે ડગાવી શકતું નથી. પરંતુ શું આજે મા ભારતીના લાડકવાયા યુવાનોનું જીવન સાર્થકતાને પામે એવું છે ???

નહિ.... આજે તો ફેશન અને વ્યસનોના વાયરાઓમાં યુવાનો ગુલતાન બન્યા છે. પશ્ચિમી સંસ્કૃતિઓના આંધળાં અનુકરણને લીધે આજે આપણી અમૂલ્ય ઋષિસંસ્કૃતિથી અળગા થઈ રહ્યા છે. યૌવનની માદકતમાં કુસંગમાં ફસાયેલા યુવાનો યાદ રાખજો, કે....

અધમ સાથેની દોસ્તી હશે તો તમારું જીવન પણ અનેકવિધ અધમતાઓથી ઘેરાયા વિના નહીં રહે...!

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ કહેતાં કે....

"વિદેશમાં જઈ ડોલર કમાજો, પાઉન્ડ કમાજો, દિનાર મેળવજો, પરંતુ સંસ્કારનો સિક્કો તો મારા ભારતનો રાખજો."

હે યુવા ભારત ! આધુનિક વિજ્ઞાનયુગના વહેણમાં વિસરાયું તો નથી ને કે, સુસંસ્કારી અને ચારિત્ર્યશીલ આદર્શ યુવાન બનવું એ આપણું જીવનધ્યેય છે. હે યુવાનો! યાદ રાખજો.... આધ્યાત્મિકતા તો ભારતનું હૃદય છે, એ સદા ધબકતું રહેવું જોઈએ. ગૌરવ કરો કે આપણે ભોગપ્રધાન નહિ, પરંતુ યોગપ્રધાન સંસ્કૃતિના બાળકો છીએ.

ભારતવર્ષના રાષ્ટ્રીય આદર્શો છે - ત્યાગ અને સેવા; આ આદર્શો દૃઢિભૂત કરશો, તો બાકીનું બીજુ આપોઆપ થશે. અરે યુવાનો ! આપણા આદર્શો ચારિત્ર્યહીન પડદાનાં સિનેસ્ટારો નહીં, પરંતુ ત્યાગી, સેવાપરાયણ, ભગવદીય શાસ્ત્રીજી મહારાજ જેવા સંસ્કૃતિપુરુષ, સંતપુરુષ હોવા જોઈએ. આપણાં જીવનની કેડી સહજાનંદ સ્વામી સુધી પહોંચાડે તેવી હોવી જોઈએ.

યુવાનો માટે પ્રખર આદર્શરુપ સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે.... "ખ્યાલ રાખજો કે પશ્ચિમની ભૌતિક સંસ્કૃતિનું અનુકરણ કરીને તમે તમારી આધ્યાત્મિકતાને અળગી કરશો, તો એનું પરિણામ એ આવશે કે ત્રણ પેઢીઓ જેટલા સમયમાં તમે એક જાતિ તરીકે નષ્ટ થઈ જશો; કારણકે જો આધ્યાત્મિકતા જશે, તો આ રાષ્ટ્રની કરોડરજ્જુ ભાંગી જશે. જે પાયા ઉપર રાષ્ટ્રની ઈમારત ઊભી છે, તે પાયો નબળો થઈ જશે, એનો નતીજો સર્વનાશ આવશે."

અરે ઓ આર્ય યુવાન ! તું ભૂલતો નહિ કે તારા ઉપાસ્ય દેવ સહજાનંદ સ્વામી, હનુમાનજી જેવા બ્રહ્મચર્યવર્ચસ્વી છે. યુવતીઓ ! વિસરાય નહિ કે સ્ત્રીત્વનો આદર્શ આ દેશમાં જીવુબા, લાડુબા, સીતા, સાવિત્રી અને દમયંતી છે.

અરે યુવાનો ! તમારું જીવન કાંઈ ઈન્દ્રિયોના ભોગવિલાસને માટે નથી, વ્યક્તિગત સ્વાર્થને માટે પણ નહીં. તમારો જન્મ છત્રપતી શિવાજી, મહારાણા પ્રતાપ જેવા રાષ્ટ્રભક્તોના રાષ્ટ્રમાં થયો છે.

ભગવાનને જેમ કરમાયેલું ફૂલ ન ગમે તેમ યુવાની એ ખીલેલું ગુલાબ છે, તો એ જ ગુલાબ ઈષ્ટદેવ સહજાનંદ સ્વામીને અર્પણ થવું જોઈએ. ◑

અનુસંધાન પેજ નં ૯ ઉપરનું..

હોવો જોઈએ. કરુણા સમસ્ત વિશ્વ માટે હોવી જોઈએ, ત્યારે સમદૃષ્ટિ માણસનાં ભીતરના વિકાસ માટે છે. કોઈ વ્યક્તિની નિંદા કરે કે કોઈ પ્રશંસા કરે, બન્ને વસ્તુને આપણે પચાવી શકીએ તો સમજવાનું કે આપણે સમદૃષ્ટિવાળા છીએ. જીવનમાં દરેક પાસાને સરખા માનીને હસતાં હસતાં જિંદગી જીવે એ સમદૃષ્ટિ છે.

૯) **ભાવદૃષ્ટિ :-** જ્યાં ભાવ હશે ત્યાં ભગવાન હશે, એવું આપણા મહાપુરુષો માને છે. ભાવદૃષ્ટિ જીવનમાં ખૂબ જરુરી છે. વ્યક્તિને સુવિધાની જરુર નથી, ફક્ત ભાવની જરુર છે. જ્યાં ભાવ ન દેખાય, ત્યાં વ્યક્તિનું મન દુઃખી થાય છે. ભાવમય જીવન હોવું તે ખૂબ જ જરુરી છે. ભાવ એ હૃદયનું અમૃત છે, માટે એનું સ્થાપન જીવનને આનંદમય બનાવનારું છે.

રામચરિતમાનસ ગ્રંથ આધારિત પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે ભિન્ન ભિન્ન દૃષ્ટિનાં દર્શન થાય છે. વ્યક્તિ પોતાના વિચાર-વિવેકથી સમજીને જીવનમાં ઊતારવાનો પ્રયત્ન કરે, તો અવશ્ય સુખ અને આનંદ પ્રાપ્ત થાય છે. ◑

કથીરમાંથી કુંદન

- હરદાસભાઇ સાવલીયા

કમઢિયાળાના કાયાભાઈ એટલે સાવજનું બચ્ચું. જન્મજાત શિકારી. અખાદ્યના ખાનાર. મોર, સસલાં, માછલાં, તેતર વગેરેને હણી ખાય.

આવા કરડા અને ઘાતકી કાયાભાઈ જાતે મુસલમાન. કમઢિયામાં તેમની ધાક જ એવી પડી ગઈ કે તેનું નામ સાંભળી આજુબાજુના ચોર-ડાકુ કમઢિયામાં જવાની હિંમત ન કરે. એટલે જ તો ગામ કહેતું, 'ગમે તે ખરચ લ્યે, પણ સીમનું રખોપું તો કાયાભાઈને સોપવું. બીજા કોઈને સોંપવું નહીં."

અમથુંએ સંધી મુસલમાનોની વસ્તીવાળું ગામ અને કાયાભાઈના ભાયુંનું જૂથેય ઝાઝું હતું. એથી જ કાયાભાઈ પણ ફૂલફટાકિયા થઈને ફરે. રાત્રિના ચોથા પ્રહોરે ઘરેથી નીકળી સીમાડાની ચારે દિશાએ ઘોડો ઘુમાવી વળે. પ્રભાતના દોર ફૂટતા તેનો ઘોડો રમતો ભમતો પાદરે આવી જાય.

એક દિવસ કાયાભાઈ રોજિંદા નિયમ પ્રમાણે વગડામાંથી ગામમાં આવ્યા. પાદરે આવતા મોંસુઝણું થયું, પણ પાદરના પીપળા હેઠળ એક તેજસ્વી પુરુષને જોયો. તેની સાથે આઠદશ લોકો સામે બેસીને વાતે વળગ્યા હતા. તે સાંભળવા કાયાભાઈ ઘડીક ઊભા રહ્યા.

પીપળાના ઓઠીંગણે બેસતા તેજસ્વી પુરુષે કહ્યું, "જૂનાગઢથી ગઢપુરનો પંથ લાંબો છે. આ ઠેકાણું વિરામ લેવા જેવું સારું છે. આખી રાતનો ઉજાગરો ને થાક સૌને લાગ્યા હશે, તેથી સૌ નિરાંતે પ્રભાતી ક્રિયા કરી લ્યો."

શ્રીહરિનાં મુખારવિંદ પર સૂરજના અજવાળા લીંપણ થતાં ભવ્ય લલાટમાં ચાંદલાની શોભા ખીલી રહી હતી, માથે સોનેરી સાફો અને જરિયાની વસ્ત્રોનો ઝગમગાટ ચળક્યો. એ સાથે મુખથી મધુર સત્સંગનો વાર્તાલાપ સાંભળી કાયાભાઈ એક નજરે ભોંએ ખીલો

ખોડાય તેમ ખોડાઈ ઊભા રહ્યા. તેના અંતરે શબ્દની સરવાણી ફૂટી.

'આવો કોઈ રાજવી કે અન્ય પુરુષ અત્યાર સુધી પૃથ્વી પર ક્યાંય દીઠ્યો નથી. ઓહો...! હો..! શી તેની તેજસ્વિતા છે ! એમાંય શબ્દની મીઠાશ તો બ્રહ્માંડ ભમતાએ સાંભળવા ન મળે !' એ વિચારે ઘેરાયેલા કાયાભાઈ બે હાથ જોડી તેના તરફ સરક્યા. અચાનક તેમણે જ મીઠાશભરી નજરુ માંડીને કહ્યું, "આવો..! આવો..! ઓરા આવો કાયાભાઈ...!" અનહદ મીઠાશ અને સ્વજનોથી અદકેરું વ્હાલ શબ્દોમાં સાંભળી કાયાભાઈનું મન ફૂલની જેમ ખીલી ઊઠ્યું.

"આ વિભૂતિ કોણ હશે ? નથી મેં કદીએ જોયા, તે છતાં તેઓ મારું નામ જાણે છે. એને કેવી રીતે ખબર પડી?" અંતરમાં ગડમથલ ચાલી રહી.

સ્વભાવે ઝનૂની પણ અંતરે પીગળતા બરફ જેવા કાયાભાઈને શ્રીજીએ પાસે આવતા થોડો જ્ઞાનનો પ્રસાદ ચખાડ્યો. નિયમ-નિશ્ચયના બંધને બાંધ્યા. પછી ગઢપુર જવા રજા માગી.

"મહારાજ ! એવી તે શી ઉતાવળ છે ? બપોરા કરીને જાવ. મને તમારો શિષ્ય બનાવો. હું તમારા કહ્યાં નિયમો પાળીશ." કાયાભાઈએ નરમાશથી વિનંતી કરી. "કાયાભાઈ ! તમારા મુસ્લિમ ભાઈઓ આ ભક્તિ નહીં ખમી શકે. તમારો પ્રેમભાવ હૈયે રાખજો, એટલે અમે તમારા થઈ રહીશું. સંકટ પડે ત્યારે સંભારજો, બીજો ઉદ્વેગ ન કરશો." એમ કહી મહારાજ ચાલતા થયા.

કાયાભાઈનો રંગાયેલ માંહ્યલો રટ પકડતા બોલ્યો, "આજ તો મહારાજ ઉતાવળ કરી ચાલ્યા ગયા, પણ ફરી કોઈ વાર આવશે ત્યારે રોક્યા વિના જવા નહીં દઉં. આપની આજ્ઞા તો હું શિર સાટે પાળીશ. એવી મારી પ્રતિજ્ઞા છે. આ તમે વર્તમાન ધરાવી કંઠી બાંધી, તેનું પૂરતું જતન કરીશ."

આંખની નજર જ્યાં સુધી દોડી, ત્યાં સુધી કાયાભાઈ મહારાજને જતા જોઈ રહ્યા. પછી ભ્રમણા તૂટી હોય તેમ સ્હેજે બોલ્યા, "શું ખરેખર મહારાજ ચાલ્યા ગયા..! ના..! ના..! ! એ તો મારાં અંતરમાં બેઠાં છે. એટલે જ તો અંદરના વિકારો મરી પરવાર્યા. વ્યસનની વાસના છૂટી ગઈ અને જીવ શુદ્ધ-સત્ય મારગે સંચર્યો."

જેમ જેમ જ્ઞાતિના સગાઓને ખબર પડી ને મુસ્લિમ પરિવારોને જાણ થઈ, તેમ તેમ તેની નિંદા, તિરસ્કાર, ઉપેક્ષા મંડાણી. જ્યાંત્યાં જેમતેમ અસહ્ય શબ્દો સંભળાવા લાગ્યા. પરંતુ કહ્યું છે ને કે, 'મેરૂ ડગે પણ જેના મનડાં ન ડગે.' એવા ભક્તરાજ અડગ બની, પુત્ર, પત્ની, પરિવાર સઘળો હિંદુ કુટુંબોમાં ભક્તિના રંગમાં રમવા લાગ્યા. સાંજ પડતાં તેનું ઘર મંદિર બની જતું. આરતી, ધૂન, સત્સંગની જમાવટ થતી.

ઈર્ષાળુઓએ બળવો ઘણો કર્યો, પણ કોઈનું કંઈ ચાલ્યું નહીં. અંતે ગામધણીના કાન ભંભેર્યા. એથી તેણે કાયાભાઈને કચેરીએ બોલાવ્યા અને ઠપકો આપતા કહ્યું, "કાયાભાઈ ! તમે મુસ્લીમ થઈ કાફરોનો ધર્મ સ્વીકાર્યો ? એ આપણી કોમ માટે લાંછનરૂપ કહેવાય."

આ જમાનો જોર-જુલમનો હતો. રાજવીઓ જ સર્વેસર્વા હતા. તેના કહ્યાં બોલ ઉથાપવાથી ઘણાં કષ્ટો આવી પડે. લોકો તો પૂતળાને ચાવી આપે ને ઘૂમે, તેમ તેની આજ્ઞામાં રહેતા. તેનું મન રીઝે તો જોઈએ તે આપે, ને ખીજે તો મન ફાવે તે દંડ દે. એ જ એની નીતિ હતી. એટલે ધમકી આપતા કાયાભાઈને ફરી કહેવાયું કે, "જો અમારું કહ્યું ન માનવું હોય, તો ગામ મેલી દેજો."

કાયાભાઈની આંખ સ્હેજ લાલ થઈ. અંતરમાં દ્રઢતાથી શબ્દો ઘૂંટાવા લાગ્યા, 'આ કંઠીનો વિશ્વાસ ન તૂટે, જબાન ફોક ન થાય, એટલે ગમ ખાઈ આ શબ્દો સાંભળી ચૂપ રહું છું. નહીં તો આ વેળાએ જીભ ખેંચી લઉં એટલી તાકાત હૈયામાં ભરી છે.' અત્યાર સુધી સ્વમાનથી આ ભડવીરે જીવન પથમાં કદી આવાં વેણ સાંભળ્યાં ન હતા, એટલે સાંભળતાં જ ડુંવાડા બેઠા થઈ ગયા.

તોએ ધીરજ રાખીને કહ્યું, "દરબાર ! તમે તો જાણો છો ને હું પહેલા કેવો હતો ? મને સ્વામિનારાયણે માણસ બનાવ્યો. મારા જેવા કેટલાયના અવળા મારગ ટાળ્યા. તેથી તમારા રાજયને આમાં શું નડતર થયું ? ધર્મના ભેદ તો આપણે માણસે અહીં ઊભા કર્યા છે. સૌના રસ્તા એક જ સ્થળે મળે છે, નામ ભલે ને જૂદા જૂદા હોય. જે રસ્તેથી આવ્યા એ જ રસ્તે સૌ જવાના છે."

"બંધ કરો તમારી વાતો. અમારે નથી સાંભળવી..!"

દરબારે બરાડો પાડી કહ્યું, "અમે કહ્યું તેનું પાલન કરો. આ છેલ્લું ફરમાન છે !"

"તો તમેય સાંભળો દરબાર ! હું આ ધર્મ નહીં છોડું. આ દેહ પડી જાય તોએ પરવા નથી. સ્વામિનારાયણ નામ તો મારા રોમ રોમમાં ઘૂંટાય ગયું છે. આપને જે કાંઈ સજા કરવી હોય તે કરો." કાયાભાઈએ મક્કમતાથી કહ્યું.

"આટલો બધો વટ છે ? અમારું કહ્યું નહીં માનો ?" એમ કહી દરબારે ક્રોધિત બની હુકમ કર્યો. "આને આજે સામે તડકામાં બેસાડો, એટલે એનો ઘમંડ ઓગળી જશે."

વૈશાખ આકાશેથી અગ્નિ વરસાવતો હતો. એમાંય સોરઠની ધરતી. લુહારની ભઠ્ઠીમાં જીવતો-જાગતો માણસ ખૂલ્લાં શરીરે તપે, તો તેની શી પીડા બાકી રહે ! એવો સૂરજનો તાપ વરસતો હતો. તેમાં કાયાભાઈએ જરાય પાછી પાની ન કરી. અંતરમાં જાગેલી ઝંખનાથી સ્વામિનારાયણનું અખંડ રટણ માંડ્યું.

થોડો સમય જતા દરબારના પેટમાં તેજાબ જેવો ભડભડતો અગ્નિ ઊઠ્યો. અસહ્ય બળતરા થવા લાગી. પછી તો સાકરનાં પાણી અને અનગણ ઉપાય માંડ્યા. તોએ ફરક ન પડ્યો. બિમારી આમ એકાએક આવી પડતા તેને જંપ ન રહ્યો. જેમ દવા થાય તેમ બમણા વેગથી બિમારી વધવા માંડી. એટલે કુંભાજીની દેરડીથી તાબડતોડ વૈદ્ય રૂપશીભાઈને તેડાવ્યા. એ પ્રેમાળ હરિભક્ત અને સમજદાર સત્સંગીએ દરબારમાં આવતા ભરબપોરે તડકામાં તપતા કાયાભાઈને ચોક વચ્ચે ખૂલ્લાં શરીરે સ્વામિનારાયણનું ભજન કરતા જોઈ કહ્યું,

"ભગત ! આ અગ્નિ વરસાવતા તાપમાં બેસી શીદ ભજન કરો છો ? જરાક છાંયડે બેસોને !" "વૈદ્યરાજ ! અમે અમારી ઈચ્છાએ કરીને નથી બેઠા ! ગામધણીએ અમને સજા કરી છે." "શા ગુના માટે ?"

"હું જાતે સંધી મુસલમાન છું. મેં સ્વામિનારાયણની કંઠી બાંધી એટલે."

"અરે.રે..! શ્રીહરિ...! હરિ હરિ...! આ માનવે કેટલાય યુગો વિતાવ્યા, તોએ અબુધના અબુધ રહ્યા. પરમેશ્વર તો બધાનો એક જ છે. ભેદમાં તો ભટકવું પડે. ઠીક છે. હું હમણાં દરબાર પાસે જાઉ છું." એમ કહી વૈદ્યરાજ હૈયામાં અસ્વસ્થ થતા દરબારના ઓરડે આવ્યા અને દરબારના હાથની નાડી હાથમાં લેતા કહ્યું, "દરબાર! એક વાત કરું !"

"અરે વૈદ્યરાજ ! એક શું બે કરો ને ! પણ આ દર્દ મટે તેવો ઈલાજ કરો. હવે પીડા સહેવાતી નથી !"

વૈદ્યરાજે ધીરેથી કહ્યું, "દરબાર ! તમારી નાડીમાં ક્યાંય રોગ નથી, પણ તમે કોઈ ખૂદાઈ ભક્તનો અપરાધ કર્યો હોય તેની પીડા છે. જો હજુ સમજી જાવ તો સારું, આ એક જ ઉપાય છે. જો તમારી પીડા ટાળવી હોય તો તત્કાળ ભક્તની માફી માગી તેને રાજી કરો."

દરબારને સ્મૃતિ થઈ. કાયાભાઈને એ જ પળે બોલાવ્યા અને સજા માફ કરી, માફી માગી. તે વેળાએ જ દર્દ શમી ગયું. સૌ આશ્ચર્ય પામી જોઈ રહ્યા.

પછી આવા મહિમાના અંગી કાયાભાઈનો જીવનકળશ સત્સંગ-કથા-કીર્તનમાં ઢોળાતો રહ્યો.

એક વખત કાયાભાઈ ગઢડે પહોંચ્યા. પ્રાતઃકાળની સભામાં જવાની ઉતાવળે અંધારામાં દાદાના દરબાર તરફ ચાલતા રસ્તામાં એક કૂતરું સૂતેલું. તે નજરે ન દીઠતા તેના અંગ ઉપર પગ મેલાઈ ગયો. કૂતરું ચીસ નાંખતું ત્યાંથી દૂર જઈ ઊભું. કૂતરાના હૈયામાં જેટલું દુઃખ થયું, તેટલું જ કાયાભાઈને દુઃખ થયું. તરત જ એ ભક્તે અપરાધની ક્ષમા માગતા કૂતરાને દંડવત પ્રણામ કરવા માંડ્યા.

એ સમયે શ્રીહરિ સંતો ભક્તો સાથે ઘેલે નાહીને પાછા ફરતા હતા. તેણે કાયાભાઈને દંડવત પ્રણામ કરતા જોઈને કહ્યું, "અરે ! જુવો જુવો, કાયાભાઈ કોને દંડવત પ્રણામ કરે છે ? ત્યાં જઈ તપાસ કરો. અંધારે કોઈ સાધુ બેઠા છે કે શું ?"

એ સાંભળી ત્રણેક જણા કાયાભાઈ પાસે આવ્યા અને પૂછ્યું ત્યારે કાયાભાઈએ સત્ય હકીકત વર્ણવતા કહ્યું, "મહારાજના દર્શને આવતો હતો, ત્યારે રસ્તામાં સૂતેલ કૂતરા ઉપર પગ પડી ગયો. તેનો અપરાધ કર્યો, એટલે માફી માગતો હતો."

એ જાણી મહારાજ ખૂબ રાજી થયા. પાસે બોલાવીને હેતથી ભેટ્યા. એમ મહારાજના સંસર્ગથી કથીરમાંથી કુંદન પાક્યું અને કાયાભાઈ અમર થઈ ગયા.

સમાચાર દર્શન

જળઝીલણી મહોત્સવ

ભારતવર્ષની ઉત્સવ પરંપરા અનોખી છે. શાસ્ત્રોમાં ચાતુર્માસ દરમિયાન સર્વ લૌકિક પ્રસંગોનો નિષેધ કરવામાં આવ્યો છે તથા ભગવાન સંબંધી ઉત્સવોની હારમાળા સર્જી છે. ભજનભક્તિ અને ઉત્સવમય ચાતુર્માસના મધ્યાહ્ને ભગવાનના ભક્તો માટે પરિવર્તિની એકાદશીનું અનેરુ મહત્વ છે. ક્ષીરસાગરમાં પોઢેલા ભગવાન આજરોજ પડખું ફેરવે છે. આ દિવસે ભક્તો ભગવાનને જળવિહાર કરાવે છે.

ભગવાનની પાવનકારી લીલાનું સ્મરણ કરતાં ગુરુકુલ પરિવાર દરવર્ષે અનેરા ઉત્સાહ અને ભક્તિભાવ સાથે નાઘેરરાણી મચ્છુન્દ્રીના પટમાં, પુરાણપ્રસિદ્ધ દ્રોણેશ્વર મહાદેવના સાનિધ્યમાં અને ગુરુકુલના પ્રાંગણમાં ભગવાનને જળમાં ઝીલાવી અનેરો ઉત્સવ ઉજવે છે. આ વરસે તારીખ ૧૩, સપ્ટેમ્બર મંગળવારના રોજ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોના સાનિધ્યમાં ભવ્ય મહોત્સવ ઉજવાયો. ઉત્સવના પ્રારંભે સહુ સંતો તથા મહાનુભાવો ગુરુકુલ વિદ્યાલય પધાર્યા હતા અને નૂતન નિર્માણ પામેલ વિશાળ ઓડિટોરીયમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યાર બાદ ઠાકોરજીની પાલખીયાત્રાનો પ્રારંભ થયો હતો અને સહુ વાજતેગાજતે મહોત્સવ સ્થળે પધાર્યા હતા. મછુંદ્રિના પટમાં રમણીય સભામંડપમાં સદ્‌ગુરુ સંતો, અનેક રાજકીય મહાનુભાવો તથા ગામોગામથી ઉત્સવના દર્શને પધારેલા હજારો ભક્તજનોની ઉપસ્થિતિમાં મહોત્સવનો પ્રારંભ થયો.

સદ્‌ગુરુ સંતોના મુખે કથાવાર્તાનું શ્રવણ, ઠાકોરજીનો નૌકાવિહાર, વિવિધ નૃત્યો, ચાર આરતી વગેરે આયોજનો સાથે ઉજવાયેલા મહોત્સવને માણી ઉપસ્થિત ભક્તજનો ધન્યભાગી બન્યા હતા. આ મહોત્સવ પ્રસંગે શ્રી જસાભાઈ બારડ (પાણી પુરવઠા મંત્રીશ્રી) શ્રી રાજેશભાઈ ચુડાસમા (સાંસદશ્રી, જૂનાગઢ), આદરણીય શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી (ચેરમેનશ્રી, યાત્રાધામ વિકાસ બૉર્ડ), શ્રી ઝવેરીભાઈ ઠકરાર (જિલ્લા પ્રમુખશ્રી ભાજપ) વગેરે રાજકીય મહાનુભાવો તથા શ્રી મહેશભાઈ કસવાળા, પરિમલભાઈ પંડ્યા વગેરે મોટી સંખ્યામાં અધીકારીઓએ પધારી સંત દર્શન તથા આરતીનો લાભ લીધો હતો.

આ પ્રસંગે અમેરિકાથી પૂજ્ય સ્વામીજીએ ખાસ ટેલીફોનથી ભક્તજનોને જળઝીલણી મહોત્સવનું મહત્વ સમજાવી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ ઉપરાંત નૂતન વર્ષના કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું. મહોત્સવના અંતે સદ્‌ગુરુ સંતોએ યજમાનોને આશીર્વાદ પાઠવ્યા હતા તથા ગામોગામથી વિશાળ સંખ્યામાં પધારેલા ભક્તજનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

જન્માષ્ટમી મહોત્સવ

લીલાપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણનું નામ સાંભળતા જ બાળપણના નટખટ કૃષ્ણ યાદ આવે, મથુરાના રાજા કંસનો ઉદ્ધાર કરનાર કૃષ્ણ યાદ આવે અને દ્વારીકાના રાજા કૃષ્ણચંદ્ર યાદ આવે. ભગવાન શ્રીકૃષ્ણનું જીવન યોગીથી માંડી ભોગી સર્વને માટે પ્રેરણાશ્રોત રહ્યું છે. દર વર્ષે ભગવાનનનો પ્રગટ્ય મહોત્સવની ઉજવણી આપણને નવી પ્રેરણા આપે છે અને સજાગ રાખે છે. ત્યારે તારીખ ૨૫, ઓગષ્ટ જન્માષ્ટમીના પાવન પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર ખાતે શ્રીકૃષ્ણ જન્મોતસ્વ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. મહોત્સના પ્રારંભે ગુરુકુલ ગાયકવૃંદ દ્વારા પ્રાગટ્ય મહોત્સવના કીર્તનોનું ગાન થયું. ત્યારબાદ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ભગવાન શ્રીકૃષ્ણની મધુર લીલાઓનું શ્રવણ કરાવ્યું હતું. શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ ઐતિહાસિક દૃષ્ટિએ ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનું વર્ણન કર્યું હતું. બરાબર બાર વાગ્યાના સુમારે ભગવાન શ્રીકૃષ્ણના જયજયકાર સાથે પ્રાગટ્ય આરતી કરી હતી તથા ગુરુકુલના વિદ્યાર્થીઓએ પ્રાગટ્ય મહોત્સવનું નૃત્ય રજુ કર્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ રાસ લઈ ભગવાનના પ્રાગટ્યનો આનંદ વ્યક્ત કર્યો હતો. મહોત્સવના અંતે ઉપસ્થિત ભક્તજનો પંચાજીરીનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

પૂજ્ય જોગીસ્વામી પૂન્યતિથિ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની સંત પરંપરામાં ભજન-ભક્તિ કણેકણમાં પ્રવર્તેલી રહી છે અને એમાં પણ ગુરુકુલ પરંપરાના સંતોએ સત્સંગમાં આગવી ભાત પાડી છે. આ સંત પરંપરામાં અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગીસ્વામીનું જીવન સૌના માટે આદર્શ રહ્યું છે. પૂજ્ય જોગીસ્વામીના ભજનના પ્રતાપે આજે પણ એમની સ્મૃતિમાં ગુરુકુલમાં ખૂબ ભજન થાય છે. તારીખ ૩૧ ઓગષ્ટના રોજ સ્વામીની પાંચમી પુણ્યતિથિ ઉજવવામાં આવી, જે ભજનભક્તિના વિવિધ આયોજનો સાથે ખૂબ જ ભક્તિભાવથી ઉજવાઈ.

છારોડી તથા અમદાવાદ ગુરુકુલમાં ભજનના અનેરા આયોજનો થયા. અમદાવાદ ગુરુકુલ, દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય તથા હોસ્ટેલના વિદ્યાર્થીઓ, હરિભક્તો તથા મહિલા મંડળના બહેનોએ અખંડ ધૂન, મંત્રલેખન, દંડવત્, પ્રદક્ષિણા, શાસ્ત્ર વાંચન વગેરે ભજનના અનેરા આયોજનો કરી પૂજ્ય જોગી સ્વામીને શ્રદ્ધાંજલી અર્પણ કરી. ગુણાનુવાદ સભાના પ્રારંભે છારોડી ગુરુકુલ ખાતે આવેલ મહાન તીર્થભૂમિ હૃદય કુટીરે સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનોએ પૂષ્પાંજલી અર્પણ કરી હતી. ત્યારબાદ સભાના આરંભે પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોએ પૂજ્ય જોગી સ્વામીની પ્રતિમાનું પૂજન કર્યું હતું અને જોગી સ્વામીના જીવનના કેટલાક પ્રસંગો કહી સ્વામીના મહાન ગુણોનું વર્ણન કર્યું હતું.

ગુરુકુલ ગૌરવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વરની ઝળહળતી સિદ્ધી :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, **SGVP** સંચાલીત દ્રોણેશ્વર ગુરુકુલ, માતુશ્રી આર.ડી. વરસાણી વિદ્યાલયની બે દીકરીઓએ સોમનાથ જિલ્લાની ખેલકૂદ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવીને રાજ્ય કક્ષાએ પસંદગી પામી છે અને દ્રોણેશ્વર ગુરુકુલનું ગૌરવ વધાર્યું છે.

જેમાં પોકિયા દૃષ્ટિ ચક ફેક સ્પર્ધામાં તથા પરમાર વિભૂતિ ૪૦૦ મીટર દોડમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. આ ઉપરાંત દ્રોણેશ્વર ગુરુકુલના વિદ્યાર્થી કિડેચા રાકેશે ઊંચી કૂદમાં સમગ્ર સોમનાથ જિલ્લામાં પ્રથમ નંબર મેળવ્યો છે અને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પસંદગી પામ્યા છે. આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ અમેરિકાથી ટેલીફોનથી આશીર્વાદ પાઠવતા ગુરુકુલના સંચાલક ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, આચાર્ય શ્રી મહેશભાઈ દવે તથા શિક્ષકોને જણાવ્યું હતું કે આપણી દીકરીઓ વિવિધ વિષયોમાં તો શ્રેષ્ઠ સફળતા મેળવે જ, પરંતુ સાથે સાથે ખેલકૂદની વિવિધ સ્પર્ધાઓમાં રાષ્ટ્રીય કક્ષાએ નામના મેળવે અને ગુરુકુલનું ગૌરવ વધારે એવી શુભકામના પાઠવું છું.



ભગવાન શ્રી સ્વામિનારાયણના વિશાળ જીવન ચરિત્રને સૈદ્ધાંતિક રીતે ગ્રંથસ્થ કરવું તે કસોટી માગી લે તેવું છે. એ કાર્યને પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ખૂબ જ સરળ ભાષામાં ગ્રંથસ્થ કરીને સંપ્રદાયની ઐતિહાસિક સેવા કરી છે. બે ભાગમાં તૈયાર થયેલ 'ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરિત ગાથા'નું પ્રકાશન ઈમેજ પબ્લિકેશન દ્વારા કરવામાં આવ્યું છે અને સંપ્રદાય તથા સમાજમાં ખૂબ જ પ્રસિદ્ધ થયું છે. જેની બીજી આવૃત્તિ ટૂંક સમયમાં જ પ્રસિદ્ધ થઈ છે. વાચકોને ખૂબ જ સરળતાથી અને ઓછી કિંમતે પ્રાપ્ત થાય તેવા હેતુથી નાઈરોબી નિવાસી પ.ભ. શ્રી મનજી શિવજી હીરાણી, તથા લક્ષ્મીબેન મનજી હીરાણી, પુત્ર કાંતિલાલ (કુશ), પુત્રી રીમા તથા સમસ્ત પરિવાર ગામ : ફોટડી (કચ્છ) તરફથી પોતાના પીતૃઓની સ્મૃતિમાં આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. આ ગ્રંથ ગુરુકુલ તથા ઈમેજના સ્ટોર ઉપરથી પ્રાપ્ત થશે.

સ્વચ્છતા અભિયાન

ગ્લોબલ વૉશ એલાયન્સ તથા ભારત સરકાર દ્વારા ભારતની ધરતીને હરિયાળી, સુંદર અને સ્વચ્છ બનાવવા અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. આવા સમયે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી SGVP ગુરુકુલ દ્વારા ગુજરાતના ૧૦૮ ગામડાઓમાં સ્વચ્છતા અભિયાન ચલાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. આ સેવાકાર્યને વેગવંતુ બનાવવા તારીખ ૧ થી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન SGVPના સંતોએ અમરેલી, જૂનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લાના ૫૦ જેટલા ગામોમાં વિચરણ કર્યું હતું. આ વિચરણ દરમિયાન જે તે ગામના સરપંચ, સ્કૂલના આચાર્ય તથા આગેવાનો સાથે મળી ગામલોકો તથા વિદ્યાર્થીઓ દ્વારા ગામ સફાઈ કરવામાં આવતી. સંતોના આ સરાહનીય કાર્યમાં બધા જ ગામોનો અનેરો સહયોગ પ્રાપ્ત થયો હતો અને ગામડાંઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવી હતી. પૂજ્ય કૃષ્ણજીવન સ્વામી, પૂજ્ય ધર્મવત્સલ સ્વામી, પૂજ્ય દર્શનપ્રિય સ્વામી, પૂજ્ય મુનિવત્સલ સ્વામી, પૂજ્ય નરનારાયણ સ્વામી, પૂજ્ય શ્રુતિવલ્લભ સ્વામી, પૂજ્ય વિશ્વમંગલ સ્વામી, પૂજ્ય વિશ્વસ્વરૂપ સ્વામી, પૂજ્ય હરિનંદન સ્વામી, પૂજ્ય વિશ્વવલ્લભ સ્વામી, આત્મારામ ભગત, લલીત ભગત, જનક ભગત, રાહુલ ભગત વગેરે સંતો-પાર્ષદો આ વિચરણમાં જોડાયા હતા. સંતોએ નિચેના ગામોમા વિચરણ કરી સફાઈ કરી હતી.

તોરી	સીમર	ફાટસર	વડવીયાળા	જામવાળા	દ્રોણ	ડાંગાવદર
બંધારડા	રાણસીકી	જૂની વાજડી	આંબરડી	પીપળલગ	ધોકડવા	નવી વાજડી
અંબાડા	ખડખડ	કંસારી	ભાચા	કાંધી	પાણખાણ	જીવાપર
નારીયેળી મોલી	વડલી	લુવારીમોલી	નાના સમઢીયાળા	કાકીડી મોલી	નીંગાળા	નગડીયા
વાંગધ્રા	ત્રાકુડા	રબારીકા	મોતીસર	સરાકડીયા	રાયડી	ધૂંધવાણા
દહીંડા	રંગપુર	બળેલ પીપરીયા	લાખાપાદર	ભાયાવદર	ચકાવા	ભાડેર
પડા	મુંડીયા રાવણી	સાળવા	ઈંટવાયા	બાબરપરા		

શ્રદ્ધા સુમન

અ.નિ. શ્રી વિનોદરાય કેશવભાઇ શેલડીયા:- ગામ રૂગનાથપુર હાલ સુરત નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક શ્રી વિનોદભાઈ ૬૧ વર્ષની ઉંમરે ૧૮ ઓગષ્ટના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર અને શ્રીહરિમાં હેતવાળા વિનોદભાઈના અક્ષરવાસથી સમસ્ત ગુરુકુલ પરિવાર તથા શેલડીયા પરિવાર ભારે દુઃખની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિ વિનોદભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા અંકુરભાઈ, ભાર્ગવભાઈ, જૈમિનભાઈ, કેશવભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી બચુભાઇ ગગજીભાઇ પડશાળા :- ખીલાવડ નિવાસી પ.ભ. શ્રી બચુભાઈ ૪ સ્ટેમ્બરના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. પડશાળા પરિવાર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા માટો સંતોનો ખૂબ જ કૃપાપાત્ર રહ્યો છે. ગુરુકુલમાં આ પરિવારની સેવા ખૂબ રહી છે. બચુબાપા ભગવાન શ્રીહરિ તથા સંતોમાં ભારે નિષ્ઠા ધરાવતા હતા. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા બચુભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા પ્રફુલભાઈ, હિંમતભાઈ, કરશનભાઈ, વલ્લભભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કાનજીભાઇ જીવાભાઇ ચોવટિયા :- શાણા વાંકિયા નિવાસી પ.ભ. શ્રી કાનજીભાઈ ચોવટીયા ૧ ઓગષ્ટના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા કાનજીભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા શંભુભાઈ, રવજીભાઈ, ધીરૂભાઈ, હરિભાઈ, ગોવિંદભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વિઠ્ઠલભાઇ વિરજીભાઇ રાંક :- ગામ ફાટસર નિવાસી પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ રાંક ૧૨ સપ્ટેમ્બરના રોજ ૫૬ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા વિઠ્ઠલભાઈ તથા એમના પરિવારની દ્રોણેશ્વર ગુરુકુલના નિર્માણમાં ખૂબ મોટી સેવા રહી છે. વિઠ્ઠલભાઈના પવિત્ર આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા અશ્વિનભાઈ, ડાયાભાઈ, બાબુભાઈ, રામજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વિશ્રામભાઇ રામજીભાઇ મેપાણી :- ગામ સુરજપુર નિવાસી પ.ભ. શ્રી વિશ્રામભાઈ મેપાણી ભગવાન શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેત ધરાવનારા વિશ્રામભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા મયુરભાઈ, જીતેનભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લાલજીભાઇ ઘનજીભાઇ વરસાણી :- ગામ માધાપર નિવાસી પ.ભ. શ્રી લાલજીભાઈ વરસાણી ૨૮ ઓગષ્ટના રોજ ૮૦ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. લાલજીભાઈએ વર્ષો સુધી કાર્ડીક ખાતે સમાજની સેવા કરી હતી. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા લાલજીભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા રમેશભાઈ, અરવિંદભાઈ, રવિભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ચતુરભાઇ મગનભાઇ પટેલ :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી ચતુરભાઈ પટેલ ૧૨ સપ્ટેમ્બરના રોજ ૭૯ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ચતુરભાઈનો પરિવાર ગુરુકુલ તથા સંતો પ્રત્યે ખૂબ નિષ્ઠા ધરાવે છે. ચતુરભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા એમના પરિવારજનો શ્રી ચંદ્રકાંતભાઈ વગેરેને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રતનબાઇ વાલજી દેવશી ઘનજી :- લંડન નિવાસી શ્રી રતનબાઈ ૨૮ ઓગષ્ટના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. રતનબાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો નીતેશભાઈ, દીપકભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જયાબેન વલ્લભભાઇ ટાઢાણી :- અમદાવાદ નિવાસી શ્રી જયાબેન ટાઢાણી ૬૯ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. જયાબેનના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા રાજેશભાઈ, દિલિપભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી મિલનભાઈ વેલજીભાઈ વાજા, અમદાવાદ
પ.ભ. શ્રી કાનજીભાઈ જાદવા હિરાણી, માનકૂવા
પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ મોહનભાઈ કોટડિયા, સુરત
અ.નિ. મંથન નિમેશભાઈ સચદે, સિંગાપોર
પ.ભ. શ્રી ગોવિંદભાઈ કરશનભાઈ રાઘવાણી, લંડન
પ.ભ. શ્રી ગિરિશભાઈ બુસા, મુંબઈ
પ.ભ.શ્રી મુકેશભાઈ પાંચાભાઈ વાસાણી, અમદાવાદ
અ.નિ. તુસલીભગત ગુરુ લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામીની સ્મૃતિમાં હસ્તે પૂજ્ય ધર્મજીવનદાસજી સ્વામી, વડતાલ

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી અશોકભાઈ ગોરસિયા, અમદાવાદ
પ.ભ. શ્રી વિપુલભાઈ સાંગાણી, લંડન
અ.નિ. શ્રી રૂષભકુમાર જયંતીભાઈ ખુંટ, રાજકોટ
અ.નિ. શ્રી દેવજીભાઈ રણછોડભાઈ ગોંડલીયા, બાબાપુર
પ.ભ. શ્રી બળદેવભાઈ માવજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ભીખાભાઈ ઘેલાભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી અરવીંદભાઈ ભીખાભાઈ ધંધુકીયા, અમદાવાદ
પ.ભ. શ્રી હેમાંગભાઈ કેશવલાલ ગોર, અમદાવાદ
પ.ભ. શ્રી શુરેશભાઈ મનુભાઈ પટેલ, ગાંધીનગર

આગામી આયોજન

તા. ૨/૧૦/૧૬, રવીવાર : **સુહૃદસભા :** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૧૦/૧૦/૧૬, સોમવાર : **શ્રીહરિ જયંતી:** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે
તા. ૧૨/૧૦/૧૬, બુધવાર : **પાશાંકુશા એકાદશી:** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.
તા. ૧૫/૧૦/૧૬, શનિવાર : **શરદોત્સવ:** રાત્રે ૮ : ૩૦ કલાકે, છારોડી ગુરુકુલ.
તા. ૨૬/૧૦/૧૬, સોમવાર : **રમા એકાદશી :** દીવાળી ઉત્સવ પ્રારંભ, રોજ રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૩૦/૧૦/૧૬, રવિવાર : **અન્નકુટોત્સવ :** સવારે ૯:૦૦ કલાકે
તથા દીપોત્સવ : રાત્રે ૮:૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે ઉજવાયેલ જળઝીલણી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત સંતો, મહાનુભાવો તથા ભક્તજનો

પૂજ્ય જોગીસ્વામીની પાંચમી પૂણ્યતિથિ પ્રસંગે હૃદય કૂટીર (SGVP) તથા રાજકોટ સત્સંગ કેન્દ્ર ખાતે યોજાયેલ સત્સંગ સભા

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

SGVP દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી અમરેલી, જૂનાગઢ
તથા ગીર સોમનાથના ૫૦ જેટલા ગામોમાં સંતો દ્વારા સત્સંગ સભાઓ તથા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં ઉજવાયેલ જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે બાળપ્રભુના દર્શન તથા ઉપસ્થિત ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં

શરદોત્સવ

તારીખ : ૧૫ ઓક્ટોબર, ૨૦૧૬ શનિવાર
સમય : રાત્રે ૮:૩૦ કલાકે

તથા

શ્રી ઘનશ્યામ મહારાજ પાટોત્સવ

અભિષેક : સવારે ૬:૪૫ કલાકે
અન્નકૂટ દર્શન : ૯:૩૦ કલાકે

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) છારોડી, અમદાવાદ